# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ ન્યૂઝલેટર

## જુલાઈ - ૨૦૨૨

જૈન ધર્મના તમામ ફિરકાના બાળકોને
ધોરણ ૫ થી ૧૨ અને કોલેજમા ભણવા તેમજ રહેવા માટેની સંસ્કરણ સાથેની
નિ : શુલ્ક સુવિધા.

Email : sjvgmumbai1@gmail.com
Email : sjvg222089@gmail.com
Web Site : http://www.sjvggruh.org
ટ્રસ્ટ રજી નં.૮૪૨ ( F )
સ્થાપના : સવંત ૨૦૦૨
એડમિશન પ્રક્રિયા ચાલુ છે.

# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ

ઉત્કૃષ્ટ શિક્ષણ

ત્રિવેણી સંગમ

મધમધતું સંસ્કરણ

પ્રતિભાનું પાગરણ





# શ્રી શાંતિનાથ દાદા શિખરબંધી જિનાલય

# જુલાઈ મહિનાનો અહેવાલ પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી

પ્રતિ શ્રી, પ્રમુખ શ્રી, ટ્રસ્ટી મંડળ, દાતાશ્રી, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા શુભેચ્છક મિત્રો,

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ.

જય જીનેન્દ્ર!

સવિનય સાથે જણાવવાનું કે અમે જીત મહેતા (જામનગર) અને પારસ પટવા (અમદાવાદ) ધોરણ ૧૨ માં અભ્યાસ કરતા વિધાર્થીઓ આપણી સંસ્થાના મુંબઈ ઓફિસ સ્થિત દિક્ષીતાબેન અને સંસ્થાના ભુતપૂર્વ વિદ્યાર્થી રોનકભાઈ ડગલીના(હાલ અમેરિકા) માર્ગદર્શન હેઠળ જુલાઈ માસનો 'ઓનલાઈન' અહેવાલ આપની સમક્ષ પ્રસ્તુત કરતા હર્ષની લાગણી અનુભવીએ છીએ.

# વિદ્યાર્થીઓનું અભ્યાસ કાર્ય

વિદ્યાર્થીગૃહમાં અભ્યાસ કરતા હાલ 33 વિદ્યાર્થીઓ છે.તેમનું અભ્યાસ કાર્ય ખૂબ જ સરસ રીતે ચાલી રહ્યું છે.

શાળાકીય અભ્યાસ અને ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના ટ્યુશન વર્ગમાં દર શનિવારના રોજ ટેસ્ટનું આયોજન કરવામાં આવે છે,

જેમાં બાળકનો જે વિષય નબળો છે તે વિષય પર વધુ ધ્યાન આપવામાં આવે છે.

આ સિવાય વિદ્યાર્થીઓના સંગીત વર્ગ,ધાર્મિક અભ્યાસ વર્ગ,રોજ રાત્રે કમ્પ્યુટર વર્ગ પણ ચાલુ છે.

# ધાર્મિક સંસ્કારનો પાયો

વિદ્યાર્થીગૃહમાં અભ્યાસ કરતાં દરેક વિદ્યાર્થીઓ સવારે શાળા જતાં પહેલા પક્ષાલ અને પ્રભુ પૂજા કરીને જાય છે.

પક્ષાલમાં અવિધિ અને આશાતના ન થાય એ માટે ધોરણ ૧૧ માં અભ્યાસ કરી રહેલ મિહિર મહેતા દરરોજ સવારે વિદ્યાર્થીગૃહના બાળકોને પક્ષાલ પૂજા વિધિ સહિત શિખવાડે છે.

તારીખ ૨૩ અને ૨૪ જુલાઈ દરમ્યાન અશોકભાઇએ મુલાકાત લીધી હતી.

ત્યાં તેમણે વિદ્યાર્થિઓને થાળી ધોઈને પીવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.

મિહિર મહેતાને અને થાળી ધોઈને પીતા વિદ્યાર્થીઓને ઈનામ આપીને અશોકભાઇએ  પ્રોત્સાહિત કર્યા હતા.



# પ્રાથમિક શારીરિક તપાસ

તારીખ ૧૦ જુલાઈના રોજ શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહના દરેક બાળકોને આપણા સ્થાનિક સમિતિના સભ્ય શ્રી પ્રદીપભાઈ દોશીની ભલામણથી પ્રાયમરી હેલ્થ ચેકઅપ માટે સાવરકુંડલાના પ્રખ્યાત M.S. ડો. વડેરા સાહેબ પાસે લઈ જવામાં આવ્યા હતા.

ત્યાં તેમણે દરેક બાળકોને તપાસીને યોગ્ય સલાહ અને જરૂરી સુચનાઓ આપી હતી.

આ માટે આપણા સ્થાનિક સમિતિના સભ્ય શ્રી કનુભાઈ સંઘવી અને શ્રી કિશોરભાઈ મહેતા અને સેવાભાવી શ્રી મેહુલભાઈ વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થા દ્વારા ડો.વડેરા સાહેબ તેમજ મેહુલભાઈ વ્યાસને શાલ અને પુષ્પગુચ્છ આપી  સન્માન કરવામાં આવ્યુ હતુ.





# ગુરુપૂર્ણિમાના તહેવારની ઉજવણી

તારીખ ૧૩જુલાઈ રોજ ગુરુપૂર્ણિમાના પવિત્ર તહેવાર નિમિત્તે ધોરણ ૪ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ગુરુપૂર્ણિમા વિશે એક સુલેખન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ સ્પર્ધામાં કુલ ૩૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેનાર બધા વિદ્યાર્થીઓને ખૂબ ખૂબ અભિનંદન...

નીચે મુજબના વિજેતા થયેલા બાળકોને ઇનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

# સ્પર્ધામાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓ

| | વિભાગ A (ગુજરાતી માધ્યમ) | | વિભાગ B (અંગ્રેજી માધ્યમ) | |
|---|---|---|---|---|
| | વિદ્યાર્થીનું નામ | ધોરણ | વિદ્યાર્થીનું નામ | ધોરણ |
| ધોરણ ૫ થી ૮ | વીર એસ.વોરા | ૭ | જિનેન્દ્ર એસ જૈન | ૮ |
| | મીત એસ. મહેતા | ૭ | મીત સી. શાહ | ૮ |
| | આદિત્ય એમ. ભાંવસાર | ૭ | તીર્થ જે.શાહ | ૬ |
| | | | | |
| ધોરણ ૯ થી ૧૨ | જીત પી. મહેતા | ૧૨ | ભવ્ય એસ. મહેતા | ૯ |
| | યશ વી. ધંધુકીયા | ૯ | જતીન સી. શાહ | ૯ |
| | વત્સલ જી. બેલાણી | ૧૧ | હિમેશ પી. આશરા | ૯ |

# વિદ્યાર્થીગૃહમાં અષ્ટપ્રકારી પૂજાનું આયોજન

તારીખ ૧૭ જુલાઈ રવિવારે સવારના ૮ થી ૯ કલાક દરમિયાન વિદ્યાર્થી માટે અષ્ટપ્રકારી પૂજાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

જેમાં વિદ્યાર્થીઓમાં કળાનો વિકાસ થાય એટલા માટે વિદ્યાર્થીઓના વિભાગ પાડી દેવામાં આવ્યા હતા અને તેમાં ગહુલી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યુ હતું.

જેમાં જીતનાર નીચે મુજબની ટીમને ઈનામ આપવામાં આવ્યુ હતું અને બાકીના દરેક વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતુ.

| | | |
|---|---|---|
| પ્રથમ ઈનામ | અમરકુમાર ટીમ | રૂ.૩૦૧ |
| દ્વિતીય ઈનામ | શાલીભદ્ર ટીમ | રૂ.૨૫૧ |
| તૃતીય ઈનામ | કુમારપાળ ટીમ | રૂ.૨૦૧ |






# ગહુલી સ્પર્ધામાં વિજેતા ટીમ

વિજેતા થયેલ દરેક વિદ્યાર્થીને મુંબઈ સમિતિના સભ્ય  શ્રી અશોકભાઇ દ્વારા ઈનામ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

કુમારપાળ ટીમ



અમરકુમાર ટીમ



શાલીભદ્ર ટીમ



# વિદ્યાર્થીગૃહમાં વૃક્ષારોપણ

તારીખ ૨૭ જુલાઈના રોજ શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહના બહારના ભાગમાં મુખ્ય દરવાજા પાસેની ખુલ્લી જગ્યામાં આવેલી છે ત્યાં સોનિક  જ્વેલર્સ અને વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ દ્વારા  વૃક્ષારોપણ કરવામાં આવ્યું.





# સાહિલ શાહ દ્વારા કરવામાં આવેલા ચિત્રકામ ની એક ઝલક

ધોરણ ૧૧ માં  અભ્યાસ કરી રહેલ સાહિલ શાહને ચિત્ર કામ નો ખૂબ જ શોખ છે તેને દોરેલા ચિત્રની એક ઝલક અહીયાં છે.

# વિદ્યાર્થીગૃહમાં પંખા અને લાઇટનુ ડોનેશન

વિદ્યાર્થીગૃહના બધા ખડમાં પંખા અને લાઇટ ન  હોવાથી વિદ્યાર્થીગૃહમાં કૂલ ૬ નવા પંખા અને ૪૫ લાઇટની જરૂરિયાત હતી.

જે તારીખ ૨૭ જુલાઈના રોજ મુંબઈ સ્થિત ધર્મેન્દ્રભાઈ દોશી(મૂલુંડ-મુંબઈ) દ્વારા વિદ્યાર્થીગૃહમાં ૬ ક્રોમ્પટન કંપનીના પંખા તેમજ કનૈયાલાલ શાહ(ડી.કે.એન્ટરપ્રાઇઝ) દ્વારા ૪૫ એલ.ઇ.ડી. લાઇટનું  અનુદાન કરવામાં આવ્યું છે.

આ માટે શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ આપનો ખૂબ ખૂબ આભાર માને છે.






# ભુતપૂર્વ વિદ્યાર્થી ભદ્રેશભાઈની વિદ્યાર્થીગૃહની મુલાકાત

તારીખ ૯ જુલાઈના રોજ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભદ્રેશભાઈ મણીકાંતભાઈ દોશી (દેપલા વાળા) અને તેમના શુભેચ્છક મિત્ર શુભેચ્છા મુલાકાત માટે આવ્યા હતા.

તેમણે વિદ્યાર્થીઓની સાથે રમતગમતમાં ટેબલ ટેનિસ કઈ રીતે રમી શકાય તે સમજાવ્યુ હતુ અને નવા વિદ્યાર્થીઓ સાથે વાત કરી પોતાના ભૂતકાળના સંસ્મરણો યાદ કર્યા હતા અને વિદ્યાર્થીઓને ચોવીયારમાં મીઠાઈનો લાભ લીધો હતો.



# ભુતપૂર્વ વિદ્યાર્થી અલ્પેશભાઈ અને દર્શનભાઈ ની વિદ્યાર્થીગૃહની મુલાકાત

તારીખ ૨૨ જુલાઈના રોજ આપણી સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અલ્પેશભાઈ અનંતરાય શાહ વરલ વાળા અને દર્શન શાહ રાજસ્થળી વાળા સંસ્થાની મુલાકાતે આવ્યા હતા.

દર્શનભાઈ શાહે સમગ્ર સંસ્થામાં ફરી પોતાની જૂની યાદો તાજી કરી હતી.

અલ્પેશભાઈ શાહે સંસ્થાને ₹ ૫૦૦ ભેટ સ્વરૂપે આપ્યા હતા. ગૌશાળા તેમજ પાંજરાપોળમાં સરકાર દ્વારા મળતી સહાયની જાણકારી આપવા તેમજ ફોર્મ ભરી ગૌશાળાને મદદરૂપ થવા જીવદયાના પુણ્ય કાર્ય માટે પણ સેવા આપી રહ્યા છે અને તેઓ સમસ્ત મહાજન સાથે પણ જોડાયેલા છે.



# આપના શુભ પ્રસંગે માતૃસંસ્થાને અનુદાન આપી પુણ્ય કાર્ય કરવાનો અવસર

આપણી સંસ્થામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે આપ આપના જન્મદિન નિમિત્તે, લગ્ન પ્રસંગે કે અન્ય શુભ પ્રસંગે મિઠાઈ વિતરણ, અલ્પાહાર કે ભોજન કરાવી તેમજ યથાશક્તિ અનુદાન આપી લાભ લઈ શકો છો.

આપણા અનેક દાતાઓ , શુભેચ્છકો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આ લાભ લે છે.

આ લાભ લેવા માટે આપ આપણી સંસ્થાના ગૃહપતિ શ્રી જીતુભાઈ બારોટને નીચેના નંબર ઉપર સમ્પર્ક કરી શકો છો અથવા નીચે આપેલ બૅંકમાં પણ જમા કરવી શકો છો.

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ

ગૃહપતિ જીતુભાઈ બારોટ – ૯૪૨૬૪૫૨૦૮૯.

| બૅંક નામ | સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયા |
|---|---|
| ખાતા ક્રમાંક | ૦૦૦૦૦૦૫૬૧૩૮૦૨૦૦૪૯ |
| આઇ.એફ.એસ. કોડ | SBIN૦૦૬૦૧૩૮ |
| બ્રાન્ચ | સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ |

# સ્થાનિક સમિતિના સભ્યની મુલાકાત

આપણે ત્યાં રહેલા સ્થાનિક સમિતિના સભ્ય કનુભાઈ સંઘવી, પ્રદીપભાઈ દોશી, ચેતનભાઈ દોશી અને કિશોરભાઇ મહેતા અવારનવાર વિદ્યાર્થીગૃહની મુલાકાત લેતા રહે છે.

વિદ્યાર્થીઓનુ ભણતર અને સ્વાસ્થ્ય બાબતે જીતુભાઈ સાથે વાતચીત કરતાં રહે છે. આ માટે  વિદ્યાર્થીઓના અભ્યાસ અને સ્વાસ્થ્યને લગતા જરૂરી સૂચનો પણ આપતા રહે છે

આ માટે શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ આપનો આભાર માને છે.

# મુંબઈ સમિતિના સભ્યની મુલાકાત

તારીખ ૦૪ અને ૦૫ જુલાઈ શનિવાર અને રવિવારના મુંબઈ સમિતિના સભ્ય અને ટ્રસ્ટી શ્રી શૈલેષભાઈ શેઠ,નિલેશભાઈ ગાંધી, અલ્પેશભાઈ ગાંધી અને અમદાવાદ સમિતિના સભ્ય શ્રી કલ્પિતભાઈ દોશી એ સંસ્થાની મૂલકાત લીધી હતી.

તેમણે દરેક બાળકના રૂમ ચેકિંગ, ભોજન વ્યવસ્થા, શાળાકીય અભ્યાસ અને સંસ્થામાં સ્વચ્છતા અને ચોખ્ખાઈ જળવાઈ રહે પવિત્રતાનું વાતાવરણ પ્રસ્થાપિત થાય તે અંગે જરૂરી સૂચનાઓ આપી હતી..

# વાચકોના શુભેચ્છા સંદેશ

ગયા જૂન મહિનાના આપણા માસિક અહેવાલથી સંતુષ્ટ થઈને આપણા નીચે મુજબના શુભેચ્છક મિત્રોએ આપણને શુભકામના પાઠવી હતી.

- ખૂબ સરસ કાર્ય થઈ રહ્યું છે.

  અનુમોદના. – કમલેશભાઈ દોશી
- Very Good Report ,

  Good coverage - નરપતભાઈ એલ. સંઘવી
- Keep it up – વિપુલભાઈ સરખેડી.
- Good Super Work – રાજેશભાઈ શાહ
- ખૂબ જ સરસ – ખૂબ ખૂબ અભિનંદન– અમીષભાઈ દોશી
- જયેશભાઈ માટલીયા
- યોગેશભાઈ પી શાહ

# વિદ્યાર્થીગૃહમાં જુલાઈ મહિનામાં મળેલી અનુદાનની વિગત

જુલાઈ મહિનામાં નિભાવ ફંડ ખાતે નીચે મુજબની રકમ અનુદાન રૂપે મળેલ છે.

જેની વિગત અહીયા મુજબ છે.

| દાતાનું નામ | મળેલી રકમની યાદી |
|---|---|
| મનીષભાઈ દોશી | ૫૦૦૦ |
| ભીખાલાલ એમ. દોશી | ૨૦૦૦ |
| શૈલેષભાઈ કે. શેઠ | ૧૦૦૦ |
| કલ્પિતભાઈ એચ.દોશી | ૧૦૦૦ |
| નિલેષભાઈ બી.ગાંધી | ૧૦૦૦ |
| અલ્પેશભાઇ બી ગાંધી | ૫૦૦ |
| નિરવભાઈ એસ.શેઠ | ૫૦૧ |
| અલ્પેશભાઇ એ.શાહ | ૫૦૦ |
| નિરવભાઈ શાહ | ૨૦૦ |

# શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહના સ્થાનિક સમિતિ સભ્યની યાદી

| નામ | મોબાઇલ નંબર |
|---|---|
| કનુભાઈ સંઘવી | ૯૫૧૦૫ ૧૫૮૩૪ |
| પ્રદીપભાઇ દોશી | ૯૪૨૬૪ ૫૫૬૫૫ |
| ચેતનભાઈ દોશી | ૯૮૨૫૬ ૯૨૨૫૫ |
| કિશોરભાઈ મહેતા | ૯૪૨૮૬ ૧૯૧૮૫ |

# વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના કારોબારી સભ્યની યાદી

## વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના ટ્રસ્ટીની યાદી

| નામ | હોદ્દો |
|---|---|
| ભીખાલાલભાઈ એમ. દોશી | ટ્રસ્ટી |
| નવીનભાઈ સી.શેઠ | ટ્રસ્ટી |
| મિલનભાઈ ડી.શાહ | ટ્રસ્ટી |
| નરેશભાઇ એન.શાહ | ટ્રસ્ટી (સુરત) |
| નિતિનભાઈ ટી. સંઘવી | ટ્રસ્ટી |
| રજનીભાઈ સી. મહેતા | ટ્રસ્ટી (અમદાવાદ) |

## વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના પ્રમુખની યાદી

| નામ | હોદ્દો |
|---|---|
| નગીનદાસભાઈ ઝેડ.મહેતા | પ્રેસિડેન્ટ |
| નિલેષભાઈ બી.ગાંધી | વાઇસ પ્રેસિડેન્ટ |
| શૈલેષભાઈ કે. શેઠ | સેક્રેટરી |
| ભીખાલાલભાઈ એમ. દોશી | સેક્રેટરી |
| અશોકભાઇ કે.વેજાણી | સેક્રેટરી |
| અશોકભાઇ એન. પારેખ | ખજાનચી |

# વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના કારોબારી સભ્યની યાદી

## વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના ટ્રસ્ટીની યાદી

| નામ | હોદ્દો |
|---|---|
| ચંદ્રકાંતભાઈ ટી.દોશી | કમીટી મેમ્બર |
| શાંતિભાઈ એચ. વડાલીયા | કમીટી મેમ્બર |
| પંકજભાઈ પી. દોશી | કમીટી મેમ્બર |
| પંકજભાઈ એચ. દોશી | કમીટી મેમ્બર |
| અજિતભાઈ કે.સંઘવી | કમીટી મેમ્બર |
| મિલનભાઈ એમ. શેઠ | કમીટી મેમ્બર |
| ભરતભાઇ આર મહેતા | કમીટી મેમ્બર |
| રાજેન્દ્રભાઈ પી. સંઘવી | કમીટી મેમ્બર |

## વિદ્યાર્થીગૃહ સંચાલક સમિતિના પ્રમુખની યાદી

| નામ | હોદ્દો |
|---|---|
| કુમારભાઈ એ.દોશી | કમીટી મેમ્બર |
| અલ્પેશભાઇ બી. ગાંધી | કમીટી મેમ્બર |
| અભયભાઇ ડી. સાવડિયા | કમીટી મેમ્બર |
| પંકજભાઈ પી.સંઘવી | કમીટી મેમ્બર |
| હરેશભાઈ બી.દોશી | કો.ઓપ. કમીટી મેમ્બર |
| ભાંવિનભાઇ ટી.સંઘવી | કો.ઓપ. કમીટી મેમ્બર |
| કલ્પિતભાઇ એચ દોશી | અમદાવાદ કમીટી મેમ્બર |
| અંકુરભાઈ એન મહેતા | કમીટી મેમ્બર |

# પત્રવ્યવહારનું સરનામુ

સાવરકુંડલા  કાર્યાલય

શ્રી સાવરકુંડલા જૈન વિદ્યાર્થીગૃહ સાવરકુંડલા

જિલ્લો  -  અમરેલી

ગુજરાત – ૩૬૪૫૧૫

ઓફીસ : ૦૨૮૪૫ – ૨૨૨૦૮૯

જીતુભાઈ બારોટ : ૯૪૨૬૪ ૫૨૦૮૯

મુંબઈ કાર્યાલય

**c/o.** કલ્પેશ ગારમેન્ટ

(નગીનદાસ ઝ. મહેતા)

૪૧,ચકલા સ્ટ્રીટ,

મસ્જિદ બંદર સ્ટેશન પાસે,

મુંબઈ – ૪00003

ઓફીસ : ૦૨૨ – ૨૩૪૦૧૯૨૫

દિક્ષીતા બેન : ૯૩૭૨૯  ૪૦૮૭૮

**Thank You**